
જુઆન બોબો અને ડુક્કર


પ્યુર્ટો રિકન લોકકથા



જુઆન બોબો અને ડુક્કર

પ્યુર્ટો રિકન લોકકથા





એક સમય ની વાત છે, પ્યુર્ટો રિકો ના ઊંચા પર્વત માં વસેલા એક નાના ગામમાં એક ગરીબ, વૃદ્ધ વિધવા રહેતી હતી.

વિધવા નો જુઆન નામનો પુત્ર હતો. પણ એ એટલો ભોટ હતો અને બેવકુફોભરી હરકતો કરતો હતો કે બધા એને જુઆન બોબો - કે જુઆન બેવકૂફ કહેતા હતા.

જયારે જુઆન બોબો નાનો હતો, ત્યારે એની માઁ એને કહેતી હતી,
"જુઆન! કાશ કે તું થોડું વધારે વિચારતો હોત."

પણ માઁ ને જલ્દી સમજાઈ ગયું કે જુઆન જેટલું વધારે વિચારતો
હતો, એ એટલી જ વધારે મુશ્કેલી માં પડતો હતો.

પછી માઁ એ જુઆન ને કહ્યું, "જુઆન! એ જ સારું થશે કે તું ઓછું
વિચાર." અને એ સાંભળી ને જુઆન બોબો બહુ ખુશ થયો.






એક દિવસ જુઆન બોબો ની માઁ એ એને ખેતર માં થી બોલાવ્યો અને કહ્યું, "જો, જુઆન, હું થોડી વાર માટે ચર્ચ જાઉં છું. સારું થશે કે તું ઘર ની અંદર જ રહે અને જાનવરો ની દેખભાળ કર. મારા ગયા પછી વધારે વિચારીને મુસીબત માં પડતો નહીં."

"ચિંતા નહીં કરો, માઁ," જુઆન બોબો એ કહ્યું. "હું એવુંજ કરીશ જેવું તમે મને કહ્યું છે."





અને જુઆન ઘર ની અંદર ગયો અને વિચાર્યા વગર બેસી ગયો.

પણ થોડી વાર માં એણે બહાર આંગણામાં ડુક્કર નો અવાજ સાંભળ્યો. "મને નવાઈ લાગે છે કે ડુક્કર કેમ ઓઈંક ઓઈંક અવાજો કરી રહ્યું છે?" જુઆન બોબો એ વિચાર્યું. અને એ જોવા માટે બહાર ગયો.

"શું વાત છે?" એણે ડુક્કર ને પૂછ્યું.

"જેવી માઁ તને છોડી ને જાય છે, તને પરેશાની થવા લાગે છે. તું શું ઈચ્છે છે?"

"ઓઈંક! ઓઈંક!" ડુક્કર ચીસ પાડતું રહ્યું.

"આ કેવો જવાબ છે?" જુઆન બોબો એ પૂછ્યું. "જો તું ફક્ત ઓઈંક-ઓઈંક કરીશ તો મને કેમ ખબર પડશે કે તું શું ચાહે છે?"

ડુક્કરે ફરી "ઓઈંક! ઓઈંક!" અવાજો કર્યા.

"જો તું વાત નહીં કર, તો મારે જ અનુમાન લગાવવું પડશે કે તું શું ચાહે છે."

અને જુઆન બોબો વિચારવા લાગ્યો.

"ડુક્કર ભૂખ્યું તો હોઈ ન શકે," એણે વિચાર્યું. "માઁ એ જતા પહેલા જ એને ખવડાવ્યું હતું. ડુક્કર ને ઊંઘ પણ આવતી નહીં હોય," એણે વિચાર્યું. "કારણકે એ હમણાં જ ઊંઘ નું ઝોકું ખાઈને ઉઠયું છે."

જુઆન બોબો એ ડુક્કર તરફ જોયું. જુઆન બોબો એ કહ્યું, "મને ખબર છે કે તું કેમ ચીસ પાડી રહ્યું છે."

"માઁ વગર તને એકલું લાગે છે. તું ચર્ચ જવા ચાહે છે અને માઁ સાથે રહેવા ચાહે છે, છે ને?"

"જો, તું ચર્ચ ન જઈ શકે!" જુઆન બોબો એ ડુક્કર ને કહ્યું. "ચર્ચ જવા માટે તારે સરખી રીતે તૈયાર થવું પડે. એટલે ચર્ચ જવાનું ભૂલી જા, અને અવાજ કરવાનું બંધ કર."

પણ પછી જુઆન બોબો ને ડુક્કર પર દયા આવી.

એણે કહ્યું, "ઠીક છે. તું ચર્ચ જઈ શકે છે. પણ એ માટે તારે પહેલા સરખા કપડાં પહેરવા પડશે."

અને જુઆન ડુક્કર ને ઘર ની અંદર લઈ ગયો.





જુઆન બોબો એ ખાનાંવાળું કબાટ ખોલ્યું જ્યાં માઁ એનો સામાન રાખતી હતી. નીચે ના ખાના માં એને બે કપડાં મળ્યા. સાવધાની થી એણે સૌથી સારું કપડું પસંદ કર્યું અને ડુક્કર ને પહેરાવ્યું.

વચ્ચે ના ખાના માં એને એક રંગીન રિબન મળી. એણે રિબન ને ડુક્કર ની ચારે બાજુ બાંધી દીધી.

ઉપર ના ખાના માં એને મોતીઓ ની એક માળા મળી જે માઁ એ એના લગ્ન માં પહેરી હતી. એણે એ માળા ડુક્કર ના ગળા માં લટકાવી દીધી.

એ જ ખાના માં એને સોનાના કુંડળ મળ્યા જે માઁ ઘણીવાર તહેવારો ના દિવસો માં પહેરતી હતી. એણે એ કુંડળ ડુક્કર ના કાન માં લટકાવી દીધા.

છેલ્લે, એને એની માઁ ના ચપ્પલ મળ્યા અને એ એણે ડુક્કર ના પાછળ ના પગ માં પહેરાવી દીધા.



હવે ડુક્કર તૈયાર હતું. જુઆન બોબો એને ઉંચકીને બહાર લઈ ગયો અને એને રસ્તા પર નીચે ઉતાર્યું.

"તારે ચર્ચ નો રસ્તો જાતે જ શોધવો પડશે કારણકે મારે ઘરે જ રહેવાનું છે," એણે ડુક્કર ને કહ્યું. "ચાલ, હવે દોડ અને માઁ સાથે પાછું આવજે."

જુઆન બોબો એ ઘર માં જઈને દરવાજો બંધ કરી દીધો.

ડુક્કર ને જેવી ખબર પડી કે એ એકલું છે, તો એણે ચપ્પલ કાઢી નાખ્યા અને દોડવા લાગ્યું.



એ સીધું પાસે ના એક કાદવ ભરેલા તળાવ તરફ ભાગ્યું, અને
અંદર કૂદી ગયું. એ કાદવ માં અહીં-તહીં આળોટતું રહ્યું, અને
એના કપડાં માં થી બહાર નીકળવાની કોશિશ કરતું રહ્યું.







થોડી વાર પછી, જુઆન બોબો ની માઁ ઘરે આવ્યા. એના ચપ્પલ બહાર રસ્તા પર જોઈને એને નવાઈ લાગી. એ એને અંદર લઈ ગયા અને એણે જુઆન બોબો ને એના વિષે પૂછ્યું.

"અરે પેલું તોફાની ડુક્કર!" જુઆન બોબો એ કહ્યું. "એણે જ એ ચપ્પલ લાત મારીને કાઢી નાખ્યા હશે. કદાચ એ એના પગ માટે બહુ તંગ હશે."

"બહુ તંગ? તું શું કહેવા માંગે છે?" માઁ એ પૂછ્યું. "એ ડુક્કર મારા ચપ્પલ સાથે બહાર શું કરી રહ્યું હતું?"

જુઆન બોબો એ કહ્યું, "એ ડુક્કર બહુ એકલું હતું એટલે મેં એને કપડાં પહેરાવ્યા અને એને તમારી પાસે ચર્ચ મોકલી દીધું. શું તમે એને ત્યાં જોયું નહીં?"

"તેં શું કર્યું?" જુઆન ની માઁ એ રાડ પાડી. "તું સાવ બેવકૂફ છે! સાવ બુડથલ છે! હું તને પાઠ ભણાવીશ. હું તારી એવી ધોલ ધપાટ કરીશ કે જે તું ક્યારેય ભૂલીશ નહીં!"

અને પછી માઁ ડુક્કર ને શોધવા જલ્દી થી ઘર ની બહાર ગયા.



જ્યાં સુધી માં એ તળાવ પાસે પહોંચ્યા, ગુસ્સા માં આવેલા ડુક્કરે કપડાં ફાડી નાખ્યા હતા અને એ રિબન ના છેલ્લા ટુકડા ને ચાવી રહ્યું હતું.

જુઆન બોબો ની માઁ એ ડુક્કર ને રસ્સી થી બાંધ્યું અને એને ફરી આંગણામાં લઈ આવ્યા.



પછી એ ઘર ની અંદર આવ્યા અને એણે જુઆન બોબો ને પાઠ ભણાવવા ખૂબ ધોલ ધપાટ કરી.



જુઆન બોબો એ માર ક્યારેય ભુલ્યો નહીં.
પણ શીખ શું હતી?
એ એને યાદ ન રહ્યું.



સમાપ્ત